


# આજકાલમાં તોફાની પવન સાથે વરસાદ

**વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી ફરી કરા સાથે વરસાદ પડવાનો ખતરો : બીજી એપ્રિલ સુધીના ગાળામાં દેશના ઉત્તરપશ્ચિમ ભારતના મોટાભાગના રાજ્યોમાં વરસાદ થશે : હવામાન વિભાગની ચેતવણી**

નવી દિલ્હી,તા. ૨૭ કમોસમી વરસાદ અને કરાના વરસાદના કારણે દેશના ઘણા ભાગોમાં ખેડૂતોને થયેલા નુકસાનમાંથી ખેડૂતો બહાર આવે તે પહેલા વધુ એક વરસાદ અને તોફાની વાતાવરણનું સંકટ તોળાઈ રહ્યું છે. કમોસમી વરસાદના વધુ એક રાઉન્ડથી વધુ નુકસાન થવાની દહેશત પ્રવર્તી રહી છે. વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સના પરિણામ સ્વરુપે ફરી એકવાર ભારે નુકસાન થવાની શક્યતા દેખાઈ રહી છે. આના પરિણામ સ્વરુપે વરસાદ અને તોફાની વાતાવરણ સર્જાયાના સંકેત દેખાઈ રહ્યા છે.

હવામાન વિભાગે આ અંગેની ચેતવણી જારી કરી દીધી છે. નવેસરથી જારી કરવામાં આવેલી ચેતવણી મુજબ ૨૮મી માર્ચથી ૩૦મી માર્ચના ગાળા દરમિયાન પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન, પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં કરાના તોફાન સાથે વરસાદ થઈ શકે છે.

● અનુસંધાન પાન-૭ પર


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તમારી વાતો સારી હોય કે ખરાબ અંતે તો એ તમારી જાહેરખબર છે
- સંત રોબિન

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૭ | ૨૮ માર્ચ, ૨૦૧૫, શનિવાર ; ચૈત્ર સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# વિપક્ષી ૧૯ ધારાસભ્યો સામે ગુનો દાખલ

## કોની-કોની સામે ફરિયાદ

- ગ્યાસુદ્દીન શેખ
- મહેન્દ્રસિહં વાઘેલા
- નિરંજન પટેલ
- બળદેવજી ઠાકોર
- શૈલેષ પરમાર
- રાજેન્દ્રસિંહ ઠાકોર
- અમીત ચાવડા
- જોઈતાભાઈ પટેલ
- છનાભાઈ ચૌધરી
- મોહનસિંહ રાઠવા
- રમેશભાઈ ચાવડા
- પુંજાભાઈ વંશ
- હર્ષકુમાર રીબડીયા
- માનસિંહ ચૌહાણ
- બળવંતસિંહ રાજપૂત
- જીતુભાઈ ચૌધરી
- પરેશ ધાનાણી
- ગોવાભાઈ રબારી
- ચંદ્રિકાબેન બારીયા

**સલામતી સ્ટાફ પર હુમલો કરી વિપક્ષના નેતાઓએ ગૃહમાં તથા ગૃહ પરીસરમાં પણ તોડફોડ કર્યાની ફરિયાદ સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાઈ**

ગાંધીનગર, તા. ૨૭ ગુજરાત વિધાનસભા ગૃહની ગરીમાને ઠેસ પહોંચાડે તેવી ઘટના ગઈકાલે ગુરૂવારે ગૃહમાં બનવા પામી હતી. વિપક્ષના નેતાને બોલતા અટકાવવામાં આવતા વિપક્ષના ધારાસભ્યોએ ગૃહની અંદર ધમાલ કરી મુકી હતી. અધ્યક્ષના આદેશથી વિપક્ષના ધારાસભ્યોને બહાર કાઢવા ગયેલા સલામતી સ્ટાફ સાથે ઝપાઝપી બાદ ગૃહમાં તથા ગૃહની બહાર તોડફોડ કરીને સરકારી મિલ્કતને મોટા પ્રમાણમાં નુકશાન પહોંચાડ્યું હતું. આ બનાવ અંગે સાર્જન્ટ એટ આર્મ્સ એલ. એન. જેઠવાની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ૧૯ ધારાસભ્યો સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

વિધાનસભા ગૃહમાં ગુરૂવારે વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા દ્વારા કરવામાં આવેલી રજુઆત ગ્રાહ્ય ન રાખી તેમને અટકાવી દેવામાં આવતા હંગામો થયો હતો. વિપક્ષના ધારાસભ્યોએ સુત્રોચ્ચાર શરૂ કરી હાઉસમાં બેઠેલા વિધાનસભા સચિવ, ઉપસચિવની બેઠક તરફ કાગળો ફાડીને ફેંક્યા અને ગૃહની કાર્યવાહી ચાલવા ન દેતા અધ્યક્ષે વિરોધ પક્ષના સભ્યોને બહાર કાઢવાનો આદેશ સાર્જન્ટ એટ આર્મ્સ સલામતી સ્ટાફને કર્યો હતો. બહાર કાઢવા ગયેલા સલામતી સ્ટાફની સાથે ઝપાઝપી કરી હુમલો કર્યા બાદ ગૃહમાં ડેસ્ક પર લાગેલા ઈયરફોન તોડી, સીટ

● અનુસંધાન પાન-૭ પર

# અધ્યક્ષના પક્ષપાતી વલણ સામે કોંગ્રેસ ધરણા કરશે

**ગાંધીનગરમાં ગાંધીજીની પ્રતિમા પાસે પ્રતિજ્ઞા : ગુજરાત સરકારના ભ્રષ્ટાચાર તથા કાયદો-વ્યવસ્થા માટે સ્થિતિની વિપક્ષ ચર્ચા નહી કરે તે માટે સરકારનું કાવતરું**

ગાંધીનગર, તા. ૨૭ ગુજરાત વિધાનસભા ગૃહમાં ગઈકાલે કોંગ્રેસા સસ્પેન્ડ કરાયેલા ધારાસભ્યોની આજે વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાના નિવાસસ્થાને બેઠક મળી હતી જેમાં વિધાનસભાગૃહના અધ્યક્ષના પક્ષપાતી વલણની સખ્ત શબ્દોમાં ટીકા કરવામાં આવી હતી અને ગૃહમાં અધ્યક્ષનું વલણ તટસ્થ રહેવું જોઈએ તેના બદલે અધ્યક્ષે વિરોધ પક્ષના અધિકારો ઉપર તરાપ મારી પક્ષપાતી વલણ અપનાવ્યું હોવાથી આ મામલાને હવે પ્રજા સુધી લઈ જવાનો નિર્ણય લેવાયો હતો જેના પગલે રાજ્યભરમાં ધરણા યોજવાની પણ જાહેરાત કરાવામાં આવી હતી. આ ઉપરાંત આ બેઠક પતાવ્યા બાદ કોંગ્રેસના ધારાસબ્યો શંકરસિંહ વાઘેલાના નેતૃત્વમાં ગાંધીજીની પ્રતિમા સુધી ગયા હતા. જ્યાં અધ્યક્ષ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા અને ધારાસભ્યો પાસે પ્રતિજ્ઞા લેવારાવી હતી જેમાં પ્રતિજ્ઞા લેતા ધારાસબ્યોએ સામૂહિક રીતે કર્યું કે છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાત વિધાનસભામાં ભારતીય

● અનુસંધાન પાન-૭ પર



રામ નવમીના પાવન પર્વે સત્ય અને સત્વ માનવ જીવનમાં પ્રગટતા રહે અને પ્રસરતા રહે એવી પ્રાર્થના સહ રામજન્મોત્સવ ઉજવીએ...



વધામણા - ભારતના સર્વાધિક લોકપ્રિય રાજનેતા અને પ્રખર વક્તા - કવિ શ્રી અટલ બિહારી બાજપાઈને શુક્રવારની સાંજે દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન' રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ તેમના નિવાસસ્થાને જઈને અર્પણ કર્યું ત્યારે સમગ્ર દેશમાં ખુશીનો માહોલ છવાયો હતો. અમદાવાદના વિવિધ વિસ્તારોમાં ફટાકડા ફોડી પૂર્વ પ્રધાનમંત્રી બાજપાઈના અભિવાદનને ઉલ્લાસપૂર્વક વધાવી લેવાયું હતું.

# શિક્ષણ સમિતિ કબ્જે કરવાની વ્યુહરચનામાં ભાજપને ધોબી પછાડ

**બન્ને પક્ષે સરખા મત પડ્યા : ભાજપના મહિલા સદસ્યની ગેરહાજરી : કોંગ્રેસે રકાસને ફટાકડા ફોડી વધાવ્યો**

ગાંધીનગર, તા. ૨૭ ગાંધીનગર જિલ્લા પંચાયતમાં શિક્ષણ સમિતિ પર કબ્જો જમાવવાના ભાજપના પ્રયાસોને આજે ધોબી પછાડ મળતા કોંગ્રેસના સભ્યોએ આતશબાજી કરી અને વરણી યથાવત રહ્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિની આજે મળેલ બેઠકમાં અવિશ્વાસ પ્રસ્તાવ પર બન્ને બાજુએથી ૩-૩ મત પડ્યા હતા અને ચેમરેનને દૂર કરવા માટે જરૂરી ૨/૩ સભ્યોના થતાં અવિશ્વાસ પ્રસ્તાવનો રકાસ થયો હતો.

અવિશ્વાસના પ્રસ્તાવ પર રાજકીય નિરીક્ષકોની નજર મંડાયેલી હતી. આજની બેઠકમાં ભાજપના જ એક સભ્યની ગેરહાજરીએ પણ વિવાદ ઉભો કર્યો છે તેમજ ૨/૩ સભ્યો ન થતાં જે રીતે રકાસ થયો છે તે જોતાં ભાજપમાં કંઈક કાચુ કપાયાની વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

ધારાસભ્ય શ્રી અમીત ચૌધરીના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં એક તબક્કે ચેરમેન શ્રી ગાંભુસહે પ્રસ્તાવ પર ચર્ચા કરવાનો પડકાર ફેંક્યો હતો અને ભાજપના સભ્યો પણ

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યના નાણાંકીય વ્યવહારો પારદર્શક : સૌરભ પટેલ

**સુચારૂ નાણાંકીય વ્યવસ્થાપનના કારણે ગુજરાત આર્થિક સદ્ધરતા મેળવી ચુક્યું : ગુજરાતમાં દેવું વિકાસ કામ માટે : કર્મચારીઓની પણ નાણા વિભાગે કાળજી લીધી : વિધાનસભામાં નાણામંત્રી સૌરભભાઈ પટેલનો નાણાવિભાગની ચર્ચા પરનો જવાબ**

અમદાવાદ, તા.૨૭ ગુજરાત રાજય આવકના મજબૂત પાયા પર વિકાસલક્ષી તેમજ કલ્યાણકારી યોજનાઓને આગળ ધપાવવામાં સફળ રહ્યું છે. રાજય સરકારે નાણાંકીય શિસ્તના નિયમોને વળગી રહેવાની કટિબદ્ધતા સાથે રાજયમાં સુચારૂ નાણાકીય વ્યવસ્થાપન ગોઠવ્યું છે. નાણા વિભાગને સમગ્ર વહીવટ તંત્રન હૃદયસમાન ગણાવી નાણામંત્રી સૌરભભાઈ પટેલ ઉમેર્યું કે, રાજયની તિજોરી કચેરીઓનું સમગ્રપણે કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું છે. જેનાથી તમામ નાણાકીય વહેવારોમાં પારદર્શીતા અને ગતિશીલતા આવી છે. રાજયની ૩૩ જિલ્લા તિજોરી કચેરીઓ, ૧૩૮ સબ-ટ્રેઝરી કચેરીઓ, તથા ૩૦૫ જેટલા ડ્રોઈંગ અને ડીસ્બર્ચીંગ ઓફિસરો દ્વારા નાણાકીય બીલોનું સબમશીન અને નિકાલ નિયત સમય મર્યાદામાં કરવામાં આવે છે. તમામ તિજોરી કચેરીઓમાં પૂરતી ગ્રાન્ટની ફાળવણી ઓનલાઈન કરવામાં આવી હોવાથી પગાર અને પેન્શન, મેડીકલ રીએમ્બર્સમેન્ટ તથા અન્ય બીલો માટેની કાર્યવાહી ખુબ જ સરળતાપૂર્વક થાય છે તથા સંબંધિતોની કોઈ ફરિયાદ મળતી નથી. મંત્રએ ઉમેર્યું હતું કે, દૃષ્ટિવંત અને સુચારૂ નાણાકીય વ્યવસ્થાના કારણે ખોટા ખર્ચમાં ઉત્તરોત્તર ઘટાડો થતો રહ્યો છે.નાણાકીય વિગતો ઓન લાઈન

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં ૧૯મી એપ્રિલે સ્થાનિક સ્વરાજ સંસ્થાની ૩૯ બેઠકો માટે પેટાચુંટણી

ગાંધીનગર, તા. ૨૭ રાજ્યની રાજકોટ મહાનગરપાલિકાની બે બેઠકો તથા ૧૧ નગરપાલિકાની ૩૭ ખાલી બેઠકો માટે ૧૯મી એપ્રિલના રોજ પેટાચુંટણી યોજવાની રાજ્ય ચુંટણી પંચે જાહેરાત કરી દીધી છે. આના માટે ૩૦મી માર્ચે જાહેરનામુ પ્રસિદ્ધ કરાશે. ૧૯મીએ થનારી ચુંટણીની મતગણતરી ૨૧મી એપ્રિલે કરાશે. રાજકોટ મહાનગરપાલિકાની બે બેઠકો ઉપરાંત મોરબી જિલ્લાની નગરપાલિકાની બે, આણંદ, મહેસાણા, વલસાડ, બનાસકાંઠાની એક એક તેમજ જુનાગઢ, ઓટ, ગીર સોમનાથી બે, વડોદરાની સાત અને કચ્છ જિલ્લાની નગરપાલિકાઓની ચાર બેઠકો માટે પણ પેટા ચુંટણી થશે.





ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

